**દાખલ તારીખ: ૧૨/૧૦/૨૦૨૨**
**રજી. તારીખ : ૧૨/૧૦/૨૦૨૨**
**ફેંસલ તારીખ : ૧૪/૧૧/૨૦૨૫**

| **સમયગાળો:** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
|---|---|---|---|
| | ૦૩ | ૦૧ | ૦૨ |

**બાબરાના મહે.પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામ–બાબરા**
**રેગ્યુલર દિવાની મુકદમા નંબર :– ૯૬/૨૦૨૨**
**આંક :–**

નાયબ ઈજનેરશ્રી
પી.જી.વી.સી.એલ.
સબ ડીવીઝન– બાબરા ગ્રામ્ય , મું.બાબરા ...વાદી

**વિરુધ્ધ**

ગુજ. વિનોદભાઈ ભીખાભાઈ કોલડીયાના વારસ
(૧) ભીખાભાઈ મોહનભાઈ કોલડીયા (પિતા)
ઉ.વ. પુખ્ત, ધંધો– ખેતીકામ,
રહે.વાવડી, તા.બાબરા, જી.અમરેલી ...પ્રતિવાદી

**બાબત:– રૂ. ૮૦,૧૯૦.૮૫ પૈસા વસુલ મેળવવા દાવો...**

**<u>વકીલશ્રીઓ:–</u>**
**<u>વાદીપક્ષે વિ.વ. શ્રી એચ.એમ.સોલંકી</u>**
**<u>પ્રતિવાદીપક્ષે વિ.વ.શ્રી એચ.આર.મેવાડા</u>**

## //ચુકાદો//

**૧.** વાદી વીજ કંપનીના નાયબ ઈજનેરશ્રીએ હાલના પ્રતિવાદીએ ગેરકાયદેસર વીજચોરી કરેલી તેના પાવરચોરી અંગેના બીલની રકમ વસુલ લેવા માટે હાલનો વિગતવાર દાવો કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદી બાબરા તાલુકાના વાવડી ગામે રહે છે અને તેઓ વાદી કંપનીના ઘર વપરાશના વીજ ગ્રાહક હતા અને તેમનો ગ્રાહક નં.૬૧૩૬૦/૦૧૨૧૯/૧–એજી હતો. તેમજ આ કામના પ્રતિવાદીનું અવસાન થયેલ હોય જેથી તેમના કાયદેસરના વારસદાર સામે હાલનો દાવો દાખલ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, વાદી કંપનીના અધિકારીઓ દ્રારા મરામત અને અવારનવાર સંભવિત પાવરચોરી અટકાવવા ચેકીંગ કરવામાં આવે છે. તા.૨૪/૦૫/૨૦૧૯ ના રોજ બાબરા સબ ડીવીઝન નીચેના વાવડી ગામના ઉપરોક્ત ખેતીવાડી વિસ્તારમાં વિજજોડાણો ચેક કરતાં પ્રતિવાદીના પ્રતિનિધી ભીખાભાઈ મોહનભાઈ કોલડીયાની હાજરીમાં વીજ કનેકશન ચેક કરતા, સ્થળ ઉપર ખેતીવાડી ફીડર ૧૧– કે.વી. વાળું એ.જી. ફીડર ચાલુ કરવા મોટરના કલીપોન મીટર વડે એમ્પીયર અને વોલ્ટેજ

માપતા સદર મોટર ૭.૫ એચ.પી. ની જોવા મળેલ અને પ્રતિવાદીની હાજરીમાં વીજ પ્રસ્થાપનનો તપાસણી અહેવાલ તૈયાર કરવામાં આવેલ અને પ્રતિવાદીને સહી કરવાનું કહેતા તેમાં પ્રતિવાદીએ તેમની સહી કરી આપેલ અને અને પ્રતિવાદી બિન અધિકૃત રીતે વીજ ચોરી કરતા હોવાનું માલૂમ પડેલ હોય એનેક્ષર–૧૧ મુજબનું એલ.એફ.એચ. થેફ્ટ બીલ કેલ્કયુલેશન શીટ કલમ–૧૨૬ મુજબ તૈયાર કરેલ અને જે બીલ તાકીદ ભરવા તથા કમ્પાઉન્ડીંગ ચાર્જની રકમ ભરવા આકારણી બીલ આપવામાં આવેલ અને જેની નોટીસ પ્રતિવાદીને મળી ગયેલ. ત્યારબાદ ફરીથી આખરી આકારણી મુજબનું પુરવણી બીલ ભરવા નોટીસ આપેલ જે નોટીસ પણ પ્રતિવાદીને મળી ગયેલ. પરંતુ ત્યારબાદ પણ પાવરચોરીની રકમ નહીં ભરતા પ્રતિવાદી વિરુધ્ધ દાવો દાખલ કરવા અંગેની વાદી કંપનીની હેડ ઓફીસમાંથી મંજુરી મળતા હાલનો દાવો, પુરવણી બીલની રકમ રૂા.૬૬,૧૩૨.૬૬ પૈસા, વિલંબીત ચાર્જની રકમ રૂા.૧૪,૦૫૮.૧૯ પૈસા મળી કુલ રકમ રૂા.૮૦,૧૯૦.૮૫ પૈસા વસુલ મેળવવાના થાય છે જે રકમ પ્રતિવાદીએ ભરપાઈ કરેલ ન હોય દાવો લાવવા ફરજ પડેલ છે. તેમજ વાદીએ એવી દાદ માગેલ છે કે, પ્રતિવાદી દાવાવાળી રકમ રૂ. ૮૦,૧૯૦.૮૫ પૈ. બાકી લેણાં વસુલ થતાં સુધી ૧૨ % વ્યાજસહ વસુલ અપાવવા તથા આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીની પાસેથી વસુલ અપાવવા તથા નામ.અદાલતને યોગ્ય લાગે તેવી હરકોઈ દાદ અમો વાદીનાં લાભમાં પ્રતિવાદી વિરુધ્ધ અપાવવા હુકમ કરવા અને તેવું હુકમનામું વાદી કંપનીની તરફેણમાં કરી આપવા તથા તમામ દાદ અપાવવા અરજ ગુજારેલ છે.

૨. હાલના કામે દાવાનો સમન્સ પ્રતિવાદીને મોકલવામાં આવતા પ્રતિવાદી તેમના વકીલશ્રી મારફત હાજર થયેલ છે અને આંક–૦૯ થી દાવા અરજીનો વાંધા–જવાબ રજૂ કરી જણાવેલ છે કે, વાદીનો દાવો ખરો નથી, શુદ્ધબુદ્ધિપૂર્વકનો નથી, માત્ર પ્રતિવાદીને હેરાન પરેશાન કરવા હાલનો દાવો દાખલ કરેલ છે. તેમજ સ્પષ્ટપણે કબૂલ કર્યા સિવાયની હકીકતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે, હાલનો દાવો પ્રથમથી જ ટકરવા પાત્ર નથી, આ કામે હિન્દુ ધારા અન્વયે જોવામાં આવે તો આ કામે ગુજ.ના વારસદાર તરીકે હાલના પ્રતિવાદીને દર્શાવેલ છે પરંતુ ખરેખર તો તેના ગુજ.ના વારસદાર તરીકે તેમના પત્ની અથવા સંતાનોને કાયદેસર રીતે જોડી શકાય. તેમજ દાવા અરજીમાં જે પ્રતિવાદીની સહી લીધેલ છે જે પ્રતિવાદી અભણ અને અજ્ઞાન હોય તેનો લાભ લઈને તેઓની જાણ બહાર સહી લીધેલ છે. તેમજ જે તે સમયે આવેલ અધિકારીઓએ બીનકાયદેસરની રકમની માંગણી કરેલી અને જે માંગણી પૂર્ણ ન થતા હાલના પ્રતિવાદીનો દીકરો અવસાન પામેલ હોય તેમછતાં તેમના વારસદાર તરીકે હાલના

પ્રતિવાદીને ગણી તેઓ સામે હાલનો ખોટો દાવો કરેલ છે. ખરેખર તો પ્રતિવાદીએ કોઈ બીનકાયદેસરની વીજચોરી કરેલ નથી કે કોઈ વીજ જોડાણ વાપરેલ નથી કે પ્રતિવાદીના પુત્રનના ખેતરમાં કોઈ તે સમયે પીયત ન હતું કે પીજીવીસીએલ કચેરી દ્વારા તે સમયે મીટર જોડાણ પણ ન હતું જેથી આ કામે જે દાવાના કામે વાદીએ ગ્રાહક નંબર ખોટા દર્શાવીને હાલનો ખોટો દાવો દાખલ કરેલ છે. વાદી સંસ્થાએ પોતાનું સમયમર્યાદા બહારનું લેણું વસુલ લેવા નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવાના ઈરાદે હાલનો ખોટો દાવો કરેલ છે. જેથી પ્રતિવાદી સામે ખોટો દાવો કરેલ હોય વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

**૩.** આ કામે વાદી તર્ફે પોતાના દાવા તથા હકીકતના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**મૌખિક પુરાવો:–**

| | અનુ.નં.આંક | વિગત |
|---|---|---|
| (૧) | ૧૫ | વાદી સાહેદ નં. ૧ નિશારહુસેન સબીરભાઈ તરવાડી , નાયબ ઈજનેરશ્રી નું સરતપાસનું સોગંદનામું |
| ( ૨ ) | ૩૮ | વાદી સાહેદ નં.૨ અશ્વિનકુમાર ગંગારામ બાગુલનું સરતપાસનું સોગંદનામું |
| (૩) | ૩૯ | વાદી સાહેદ નં.૩ હિરેનભાઈ જગનભાઈ પટેલનું સરતપાસનું સોગંદનામું |

**દસ્તાવેજી પુરાવો:–**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| (૧) | ૨૦ | પ્રફોર્મા–૧૨ |
| (૨) | ૨૧ | વિજ જોડાણ તપાસણી અહેવાલ |
| (૩) | ૨૨ | એનેક્ષર–૪ |
| ( ૪ ) | ૨૩ | વીજ વપરાશ બીલ |
| (૫) | ૨૪ | કામચલાઉ બીલ ભરવા માટેની નોટીસ |
| (૬) | ૨૫ | આખરી આકારણી પ્રમાણેનું બીલ ભરવા માટેની નોટીસ |
| (૭) | ૨૬ | એકનોલેજમેન્ટ પાવતી |
| (૮) | ૨૭ | લીગલ કાર્યવાહી અંગે નોટીસ |
| (૯) | ૨૮ | એકનોલેજમેન્ટ પાવતી |
| (૧૦) | ૨૯ | ડી.પી.સી.કેલક્યુલેશન શીટ |

| | | |
|---|---|---|
| (૧૧) | ૩૦ | લીગલ કાર્યવાહી પ્રમાણપત્ર |
| (૧૨) | ૩૧ | કેસની હીસ્ટ્રી |
| (૧૩) | ૩૨ | ફરિયાદ દાખલ કરવાનો મંજૂરી પત્ર |
| (૧૪) | ૩૩ | ઓફીસ ઓર્ડર |

તેમજ વધુ પુરાવો આપવા માંગતા ન હોય આંક–૪૦ થી કલોઝીંગ પુરશીશ રજૂ રાખેલ છે.

**૪.** આ કામે પ્રતિવાદી તર્ફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**મૌખિક પુરાવો:–**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| (૧) | ૪૨ | પ્રતિવાદી ભીખાભાઈ મોહનભાઈ કોલડીયાનું સરતપાસનું સોગંદનામું |

તેમજ વધુ પુરાવો આપવા માંગતા ન હોય આંક–૪૫ થી કલોઝીંગ પુરશીશ રજૂ રાખેલ છે.

**૫.** આ કામે પક્ષકારોના પક્ષ નિવેદન ઘ્યાને લઈ આ દાવાના આખરી નિર્ણય માટે આંક– ૧૦ થી નીચે મુજબના મુદાઓ કાઢેલા છે.

**મુદાઓ:–**

(૧) શું વાદી કંપની પ્રતિવાદી પાસે દાવામાં દર્શાવ્યા મુજબનું લેણું સાબિત કરે છે?

(૨) શું કંપની બોર્ડ માંગ્યા મુજબનું વ્યાજ મેળવવા હકકદાર છે? જો હા તો કેટલા ટકા?

(૩) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૪) શું હુકમ અને હુકમનામું?

**૬.** ઉપરોકત મુદાઓ પરના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) નકારમાં,

(૩) આખરી હુકમ મુજબ,

(૪) આખરી હુકમ મુજબ

**વાદીપક્ષે દલીલ:–**

**૭.** આ કામે વાદી પક્ષે વિ.વ.શ્રી એચ.એમ.સોલંકીનાઓએ તેઓના દાવા અરજી મુજબની રજૂઆત કરી અને વધુમાં દલીલ કરેલ છે કે, વાદીએ દાવા અરજીમાં જણાવ્યા મુજબની રકમની વીજચોરી કરેલ હોય અને તેઓને નોટીસ બજતા તેઓ હાજર પણ થયેલ હોય અને વાદીએ આ કામે આંક–૨૦ થી ૩૩ સુધીના દસ્તાવેજી પુરાવાઓ પોતાના દાવાના સમર્થનમાં રજૂ રાખેલ હોય અને પુરવાર કરેલ હોય જેથી તે ન માનવાને કોઈ કારણ નથી. વધુમાં, વીજ ચેકીંગ દરમિયાન પ્રતિવાદી પાવર ચોરી કરતા પકડાયેલ છે અને પ્રતિવાદીને પુરવણી બીલ પણ આપવામાં આવેલ છે અને પ્રતિવાદીને લીગલ નોટીસ વાદી દ્વારા આપવામાં આવેલ જે નોટીસ સ્વીકારેલ છે અને વીજ ચોરીની રકમ ભરપાઈ કરેલ ન હોય હાલનો દાવો લાવેલ છે. તેમજ આ કામે પ્રતિવાદી વાદીના દાવાની હકીકતથી વિરુદ્ધની કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. તેમજ આ કામે નામદાર અદાલત દ્વારા જે મુદ્દાઓ કાઢવામાં આવેલ છે તે તમામ મુદ્દાઓ વાદીએ પોતાના પગ ઉપર ઊભા રહી પોતાની દાવા અરજી તથા રજૂ રાખેલ દસ્તાવેજી પુરાવા પરથી સાબીત કરેલ હોય વાદીને દાવા અરજીમાં જણાવ્યા મુજબની દાદ મળવી જોઈએ તેમ રજૂઆત કરેલ છે.

**પ્રતિવાદીપક્ષે દલીલઃ–**

૮. આ કામે પ્રતિવાદી પક્ષે વિ.વ.શ્રી એચ.આર.મેવાડાનાઓએ તેઓના વાંધા–જવાબ મુજબની દલીલ કરી અને વધુમાં જણાવેલ છે કે આ કામે વાદીના દાવાને પક્ષકારની ખામીનો બાધ નડે છે અને તેઓને ખોટી રીતે આ કામે પક્ષકાર તરીકે જોડેલ છે. પ્રતિવાદી પાસે વાદીની કોઈ કાયદેસરની લેણી રકમ નથી કે પ્રતિવાદીએ વાદી કંપનીની વીજ લાઈનમાંથી કોઈ વીજ ચોરી કરેલ નથી કે વાદી પ્રતિવાદી પાસેથી કોઈ રકમ વસૂલ મેળવવા હક્કદાર નથી. તેમજ વાદીએ હાલનો દાવો ત્રણ વર્ષની સમયમર્યાદા બહાર દાખલ કરેલ હોય દાવાને સ્પષ્ટપણે સમયમર્યાદા અધિનિયમની જોગવાઈનો બાધ નડતો હોય દાવો ટકવાપાત્ર નથી. જેથી વાદીએ ખોટો દાવો કરેલ હોય વાદી નામ.અદાલત દ્વારા કાઢવામાં આવેલ એક પણ મુદ્દો સાબીત કરી શકેલ ન હોય જેથી સ્પેશ્યલ કોસ્ટ સાથે હાલનો દાવો ના–મંજુર કરવો જોઈએ અને વાદીએ પ્રથમ મુદ્દો જ જયારે પુરવાર કરેલ ન હોય ત્યારે મુદ્દા નં.૨,૩ પુરવાર થતા નથી અને જેથી પ્લેઈન્ટની માંગ્યા મુજબની કોઈ દાદ વાદીને મળી શકે નહીં. જેથી વાદીનો દાવો ના–મંજૂર કરવા વિનંતી કરેલ છે.

૯. હાલના કામે ઉપસ્થિત થયેલ મુદ્દાના અનુસંધાને વાદી તથા પ્રતિવાદી તરફે રજૂ કરવામાં આવેલ મૌખિક પુરાવો વિસ્તારથી ધ્યાને લેવામાં આવે તો, વાદી તરફે સાહેદ નં.૧ નિશારહુસેન સબીરભાઈ તરવાડીનું આંક-૩૪ થી સરતપાસનું સોગંદનામું રજૂ થયેલ છે જેમાં તેઓએ પોતાની દાવા અરજની હકીકતોનું વર્ણન કરેલ હોય તેનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી. તેમજ સદરહુ સાહેદની પ્રતિવાદીપક્ષે ઊલટ-તપાસ લેવામાં આવેલ છે જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, હું પી.જી.વી.એસ.ટાઉનમાં ના.ઈજનેર તરીકે ફરજ બજાવું છું. તે વાત ખરી છે કે દાવા અરજી તેમજ દાવાના કામે રજુ નોટીસનો વાંચીને અભ્યાસ કરેલ હોય છે. જયારે કોઈ વ્યકિત મૃત્યુ પામે તો તેના સીધીલીટીના વારસદાર તરીકે પ્રથમ પત્ની અને તે બાદ તેના પુત્રો આવે. તે વાત ખરી છે કે વ્યકિતના મૃત્યુ બાદ તેના પત્ની અને બાળકો સામે કેસ દાખલ કરવો પડે. તે વાત ખરી છે કે મે ગુજ. વિનોદભાઈના વારસો બાબતે તપાસ કરેલી. મારી તપાસમાં વિનોદભાઈ પરિણીત હતા અને તેના સંતાન પણ હતા તેવું જાણવા મળેલું. તે વાત ખરી છે કે મે વિનોદભાઈ પત્ની તથા બાળકો સામે દાવો કરેલ નથી. તે વાત ખરી છે કે મે હાલનો આ દાવો તા.૨૪/૫/૧૯ નારોજ બનાવ બન્યા બાદ તા.૧૧/૧૦/૨૨ નારોજ દાખલ કરેલો છે. તે વાત ખરી છે કે મે બનાવના ૩ વર્ષ બાદ હાલનો દાવો કરેલ છે. તે વાત ખરી છે કે ગુજ.વિનોદભાઈને અમારી કચેરી દ્વારા મીટર ફાળવવામાં આવેલ ન હતું. મને એક ઝેરોક્ષ બતાવવામાં આવે છે તે જોઈને હું કહી શકું નહી કે આ ઝેરોક્ષ નકલ વિનુભાઈ ભીખાભાઈ કોલડીયાએ પીજીવીસીએલ ખાતે આપી અરજી રીસીવ કરાવેલી છે કે કેમ. તે વાત ખરી છે કે વિનોદભાઈ ભીખાભાઈ કોલડીયાનું વીજ કનેકશન મંજુર કરવામાં આવેલ હતું પરંતુ જેના ગ્ર ાહક નંબર મને હાલ યાદ નથી. મને રેકર્ડમાંથી આંક-૧ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, ગુજ. વિનોદભાઈ ભીખાભાઈ કોલડીયાના ગ્રાહક નં.૬૧૩૬૦/૦૧૨૧૯/૧-એજી હતો. મને આંક-૨૧ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, તેમાં ગ્રાહકનું નામ વિનોદભાઈ ભીખાભાઈ કોલડીયા છે અને તેના ગ્રાહક નં.૮૪૧૬૦-૦૧૨૧૯-૧ છે. તે વાત ખરી છે કે આંક-૨૧ માં જણાવેલ ગ્રાહક નં બર નું વર્ણન મે દાવામાં કરેલ નથી, સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, કચેરીનું બાબરા પીજીવીસીએલનું બાયફર્ગેશન બાબરા ટાઉન સબ ડીવીઝન કચેરી અને બાબરા ગ્રામ્ય સબ ડીવીઝન કચેરી એમ બે અલગ અલગ ઓફીસોમાં થતા આંક-૨૧ વાળો ગ્રાહક નંબર એ ટાઉનનો છે તથા આંક-૧ માં જે ગ્ર ાહક નંબર જણાવેલ છે તે બાબરા ગ્રામ્યનો છે જેથી બે અલગ અલગ ગ્રાહક નંબર છે. તે વાત ખરી છે કે મે ઉપરોકત હકીકત મારી દાવાઅરજી કે નોટીસમાં જણાવેલ નથી. તે વાત ખરી છે કે આ

કામે મે રેઈડવાળી જગ્યાએ કોની માલિકીની છે તેનો આધાર પુરાવો રજુ કરેલ નથી. વિનોદભાઈ ભીખાભાઈ કોલડીયાનું જે કનેકશન મંજુર થયેલ તે ૭.૫ હોર્સપાવરનું હતું , સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, ગ્રાહકનું વીજ કનેકશન મંજુર થયેલ હતું પરંતુ મીટરની ફાળવણી કરવામાં આવેલ ન હતી. મને આંક–૨૧ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, કોલમ–ડી માં વાઈટનર મારવામાં આવેલ છે. તે વાત ખરી છે કે આ કામે આપવામાં આવેલ નોટીસો વિનોદભાઈ ભીખાભાઈ કોલડીયાના નામે આપેલ છે. તે વાત ખરી છે કે આ કામના પ્રતિવાદી ભીખાભાઈ વિરુધ્ધ ઈલે. એકટની ક.૧૩૫ અન્વયે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

**૯.૧.** તેમજ વાદી તરફે સાહેદ નં.૨ અશ્વિનકુમાર ગંગારામ બાગુલનું આંક–૩૮ થી સરતપાસનું સોગંદનામું રજૂ થયેલ છે. જેમાં તેઓએ દાવા અરજની હકીકતો મુજબનું વર્ણન કરેલ છે. તેમજ સદરહુ સાહેદની પ્રતિવાદીપક્ષે ઊલટ–તપાસ લેવામાં આવેલ છે જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, હું હાલ બોટાદ વર્તુળ કચેરીમાં વીજીલન્સ સ્કવોડમાં ના.ઈજનેર તરીકે ફરજ બજાવું છું. તે વાત ખરી છે કે મે આ કામની દાવાઅરજી તથા મારા સોગંદનામાનો અભ્યાસ કરેલો છે. તે વાતની મને ખબર નથી કે, આ વિનોદભાઈ પરિણીત હતા કે કેમ. તે વાતની મને ખબર નથી કે વિનોદભાઈ ગુજરી જાય તો તેના પત્ની અને બાળકો સામે દાવો કરવો પડે. તે વાત ખરી છે કે હાલનો દાવો વિનોદભાઈના પત્ની અને બાળકો સામે કરવામાં આવેલ નથી. તે વાત ખરી છે કે મે હાલનો આ દાવો તા.૨૪/૫/૧૯ નારોજ બનાવ બન્યા બાદ તા.૧૧/૧૦/૨૨ નારોજ દાખલ કરેલો છે. તે વાત ખરી છે કે બનાવના ૩ વર્ષ બાદ હાલનો દાવો કરેલ છે. તે વાત ખરી છે કે અમે જે સ્થળે ચેકીંગ કરવા ગયેલા તે સ્થળ ઉપર મીટર ઉપલબ્ધ ન હતું. તે વાત ખરી નથી કે હું જે જગ્યાએ ચેકીંગ કરવા ગયેલ તેનો માલિકીનો કોઈ દસ્તાવેજી આધાર મેળવેલ નથી. તે વાત ખરી છે કે અમે જે જગ્યાએ ચેકીંગમાં ગયેલા ત્યાં વીજ કનેકશનનું મીટર ન હોય તેથી તેનું બીલ પણ ન આવે. તે વાત ખરી છે કે મે જે જગ્યાએ ચેકીંગ કરેલ તે જગ્યાનું રેવન્યુ રેકર્ડ મેળવેલ નથી. તે વાત ખરી નથી કે જે જગ્યાએ ચેકીંગ કરવા ગયેલા ત્યાંના દસ્તાવેજી આધાર ન હોય તેથી તેની માલિકી નકકી ન થઈ શકે, સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે તે જગ્યા ઉપર ભીખાભાઈ મોહનભાઈ કોલડીયા હાજર હતા અને તેઓએ કહેલ કે આ ખેતરનું નામ જીનાવાડુ છે અને આ ખેતરની માલિકી મારી છે. તે વાત ખરી છે કે મે મારા સરતપાસના સોગંદનામામાં એવું જણાવેલ નથી કે, ''અમે જે જગ્યા ઉપર ગયેલા ત્યાં ભીખાભાઈ મોહનભાઈ કોલડીયા હાજર હતા અને તેઓએ કહેલ કે આ ખેતરનું નામ જીનાવાડુ

છે અને આ ખેતરની માલિકી મારી છે'' સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે સ્થળ રોજકામમાં જણાવેલ છે. તે વાત ખરી છે કે મે આ કામે સ્થળ રોજકામ સામેલ રાખેલ નથી. મને આંક–૨૧ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, તેમાં ગ્રાહકનું નામ વિનોદભાઈ ભીખાભાઈ કોલડીયા છે અને તેના ગ્રાહક નં .૮૪૧૬૦–૦૧૨૧૯–૧ છે. તે વાત ખરી છે કે ગ્રાહક નં.૮૪૧૬૦–૦૧૨૧૯–૧ નું વર્ણન દાવાઅરજીમાં કરેલ નથી. મને આંક–૨૧ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, કોલમ–ડી માં વાઈટનર મારવામાં આવેલ છે. તે વાતની મને ખબર નથી કે, પ્રતિવાદી ભીખાભાઈને અમારી કચેરી તરફથી કોઈ નોટીસ આપવામાં આવેલ છે કે કેમ. તે વાત ખરી છે કે આ કામના પ્રતિવાદી ભીખાભાઈ વિરુધ્ધ ઈલે. એકટની ક.૧૩૫ અન્વયે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

૯.૨ તેમજ વાદી તરફે સાહેદ નં.૩ હિરેનભાઈ જગનભાઈ પટેલનું આંક–૩૯ થી સરતપાસનું સોગંદનામું રજૂ થયેલ છે. જેમાં તેઓએ દાવા અરજની હકીકતો મુજબનું વર્ણન કરેલ છે. તેમજ સદરહુ સાહેદની પ્રતિવાદીપક્ષે ઊલટ–તપાસ લેવામાં આવેલ છે જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, હું હાલ જુનીયર ઈજનેર તરીકે સુરત ઈન્ડસ્ટ્રીયલ ડીવીઝન ડી.જી.વી.સી.એલ.કચેરીમાં ફરજ બજાવુ છુ. જે તે સમયે હું જુનીયર ઈજનેર તરીકે વીજીલન્સ સ્કવોડમાં અમરેલી વર્તુળ કચેરીમાં ફરજ બજાવતો હતો. તે વાત ખરી છે કે મે આ કામની દાવાઅરજી તથા મારા સોગંદનામાનો અભ્યાસ કરેલો છે. તે વાતની મને ખબર નથી કે, ચેકીંગ સમયે આ વિનોદભાઈ પરિણીત હતા કે કેમ. તે વાતની મને ખબર છે કે વિનોદભાઈ ગુજરી જાય તો તેના પત્ની અને બાળકો સામે દાવો કરવો પડે. તે વાત ખરી છે કે હાલનો દાવો વિનોદભાઈના પત્ની અને બાળકો સામે કરવામાં આવેલ નથી. તે વાત ખરી છે કે હાલનો આ દાવો તા.૨૪/૫/૧૯ નારોજ બનાવ બન્યા બાદ તા.૧૧/૧૦/૨૨ નારોજ દાખલ કરેલો છે. તે વાત ખરી છે કે બનાવના ૩ વર્ષ બાદ હાલનો દાવો કરેલ છે. તે વાત ખરી છે કે અમે જે સ્થળે ચેકીંગ કરવા ગયેલા તે સ્થળ ઉપર મીટર ઉપલબ્ધ ન હતું. તે વાત ખરી છે કે હું જે જગ્યાએ ચેકીંગ કરવા ગયેલ તેનો માલિકીનો કોઈ દસ્તાવેજી આધાર મેળવેલ નથી. તે વાત ખરી છે કે અમે જે જગ્યાએ ચેકીં ગમાં ગયેલા ત્યાં વીજ કનેકશનનું મીટર ન હોય તેથી તેનું બીલ પણ ન આવે. તે વાત ખરી છે કે મે જે જગ્યાએ ચેકીંગ કરેલ તે જગ્યાનું રેવન્યુ રેકર્ડ મેળવેલ નથી. તે વાત ખરી નથી કે જે જગ્યાએ ચેકીંગ કરવા ગયેલા ત્યાંના દસ્તાવેજી આધાર ન હોય તેથી તેની માલિકી નકકી ન થઈ શકે, સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે તે જગ્યા ઉપર ભીખાભાઈ મોહનભાઈ કોલડીયા હાજર હતા. તે વાત ખરી છે કે મે મારા સરતપાસના સોગંદનામામાં એવું જણાવેલ નથી કે, ''અમે જે જગ્યા ઉપર ગયેલા ત્યાં

ભીખાભાઈ મોહનભાઈ કોલડીયા હાજર હતા. મને આંક–૨૧ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, તેમાં ગ્રાહકનું નામ વિનોદભાઈ ભીખાભાઈ કોલડીયા છે અને તેના ગ્રાહક નં.૮૪૧૬૦–૦૧૨૧૯–૧ છે. તે વાત ખરી છે કે ગ્રાહક નં.૮૪૧૬૦–૦૧૨૧૯–૧ નું વર્ણન દાવાઅરજીમાં કરેલ નથી. મને આંક–૨૧ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, કોલમ–ડી માં વાઈટનર મારવામાં આવેલ છે. તે વાતની મને ખબર નથી કે, પ્રતિવાદી ભીખાભાઈને અમારી કચેરી તરફથી કોઈ નોટીસ આપવામાં આવેલ છે કે કેમ. તે વાત ખરી છે કે આ કામના પ્રતિવાદી ભીખાભાઈ વિરુધ્ધ ઈલે. એકટની ક.૧૩૫ અન્વયે કોઈ મે કોઈ કાર્યવાહી કરેલ નથી.

**ઃ– પુરાવાકીય મુલ્યાંકન ઃ–**

<u>હાલના કામે ઉપસ્થિત થયેલ મુદ્દાઓના અનુસંધાને રજૂ કરવામાં આવેલ પુરાવો મુલવવામાં આવે તો,</u>

**૧૦.** કોઈ વ્યકિત જે હકીકતનું પ્રતિપાદન કરતી હોય તેણે તે હકીકત સાબિત કરવી જોઈએ એ સાબિતીના બોજા અંગેનો સામાન્ય નિયમ છે. કોઈ બાબત અગર તો હકીકત એક વ્યકિત પ્રતિપાદીત કરે અને બીજી વ્યકિત દ્વારા તેવી હકીકતનો ઈન્કાર કરવામાં ત્યારે પુરાવો હકારાત્મક હોય તે કારણે પ્રતિપાદન કરતી વ્યકિતએ તે હકીકત સાબિત કરવી પડે છે. તેથી વ્યકિત તે હકીકત સાબિત કરે અગર તો પ્રથમ દૃષ્ટિએ તે હકીકત માનવાલાયક બનતી હોય ત્યારે જે પક્ષ તેવી હકીકતનો ઈન્કાર કરતો હોય તેણે તે હકીકતનો ખંડન કરતો પુરાવો આપવાનો રહે છે. પ્રતિપાદન કરનાર પક્ષ ઉપરથી પુરાવાનો બોજો નહીં પરંતુ પુરાવાની જવાબદારી ખસે છે. પુરાવાના કાયદાની કલમ–૧૦૨ માં જણાવેલ હકીકતો જોવામાં આવે તો ન્યાયિક કાર્યવાહીમાં એક તબકકો એવો આવે છે કે કોણે પુરાવાની શરૂઆત કરવી તે નકકી કરવાનું હોય છે. જો એવા તબકકે કશો જ પુરાવો આપવામાં ન આવે તો જે પક્ષ નિષ્ફળ જાય તેને જ પુરાવો આપવાનો રહે છે. સાબિતીના બોજા અંગેનો પ્રથમ સિદ્ધાંત એવો છે કે જે વ્યકિત કોઈ હકીકતનું પ્રતિપાદન કરતી હોય તેમણે તેવી હકીકતો સાબિત કરવાની રહે છે. કોઈપણ બાબતમાં નકારાત્મક પુરાવો હંમેશા શકય બનતો નથી. જેથી કોઈપણ હકીકતનું પ્રતિપાદન કરવામાં આવે ત્યારે તેવી હકીકતનું અસ્તિત્વ સાબિત કરવા માટે હકારાત્મક પુરાવાની અપેક્ષા રાખવામાં આવે છે. સાબિતીના બોજા અંગેની બીજો સિદ્ધાંત એવો છે કે જે પક્ષકાર ઉપર કોઈ હકીકત કે મુદ્દો સાબિત કરવાનો બોજો હોય છે તે સાબિતીનો બોજો ન્યાયિક કાર્યવાહી દરમિયાન કયારેય ખસતો નથી. પરંતુ તે અંગેની જવાબદારી ખસે છે. સાબિતીનો બોજો અને સાબિતીની જવાબદારી એ બં નેમાં એક નિશ્ચિત તફાવત છે. દિવાની કાર્યવાહી દરમિયાન પક્ષકારોએ પ્રિપ્રોન્ડરન્સ ઓફ પ્ર ોબેબીલીટીની રૂઈએ હકીકતોની માત્ર સંભાવના દર્શાવવાની રહે છે. ઉપરોકત પુરાવાના કાયદાના

પ્રસ્થાપિત સિધ્ધાંતો સાથે ભારતીય પુરાવા ધારાની કલમ–૧૦૧ અને ૧૦૨ ની જોગવાઈ ઘ્યાને લઈ નીચે મુજબ મુદાઓની ચર્ચા કરવામાં આવેલી છે.

**<u>મુદ્દા નં. ૧,૨ ની સંયુકત ચર્ચા</u>**

**૧૧.** સદરહુ બંને મુદ્દા એકબીજા સાથે સંકળાયેલ હોય તેની ચર્ચા એકસાથે કરવામાં આવે છે. ઉપરોક્ત મુદ્દા નં.૧ થી ૨ પુરવાર કરવાની જવાબદારી વાદીના શીરે મુકવામાં આવેલ છે. ઉપરોક્ત બંને મુદ્દાઓ અંગે વાદીના દાવાનું રેકર્ડ ધ્યાને લેતાં સદરહુ દાવો વાદી કંપનીએ બાબરા તાલુકાના વાવડી ગામે ખેતીવાડી વિસ્તારમાં વીજ ચેકીંગ કરતાં સ્થળ ઉપર ખેતીવાડી ફીડર ૧૧– કે.વી. વાળું એ.જી. ફીડર ચાલુ કરવા મોટરના કલીપોન મીટર વડે એમ્પીયર અને વોલ્ટેજ માપતા સદર મોટર ૭.૫ એચ.પી. ની જોવા મળેલ હોય જેથી પ્રતિવાદીએ વીજ ચોરી કરેલ હોય અને પુરવણી બીલ મુજબની રકમ ભરપાઈ કરેલ ન હોય હાલનો દાવો લાવેલ છે અને વાદીએ તેઓની ઉપરોક્ત દાવા અરજના સંદર્ભમાં દસ્તાવેજી પુરાવો તથા મૌખિક પુરાવો રજૂ રાખેલ છે. તેમજ દાવાના કામે સામાપક્ષે સમન્સ/નોટીસ કરતાં પ્રતિવાદી આ કામે હાજર થયેલ અને તેઓના વિ.વકીલશ્રી મારફત વાંધા/જવાબ રજૂ રાખેલ છે. આમ, આ કામે વાદીએ વીજ ચેકીંગ કરેલ હોવાની હકીકત તથા પ્રતિવાદી આ કામે હાજર થયેલ હોય તે હકીકત સંદર્ભે બંનેપક્ષ તરફે કોઈ તકરાર નથી.

**૧૨.** વધુમાં, વાદીએ પોતાની દાવા અરજી સંબંધે રજૂ રાખેલ દસ્તાવેજી પુરાવો જોવામાં આવે તો આંક–૨૦ થી ૩૩ સુધીના વીજ ચેકીંગ કરવા સંબંધી પોતાની ફરજ મુજબના તપાસ કર્યા સંબંધી ડોક્યુમેન્ટ્સ રજૂ રાખેલ છે. આ દસ્તાવેજી પુરાવાની સાથોસાથ વાદી તરફે રજૂ મહત્વનો મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવે તો વાદી તરફે સાહેદ નં.૧ નિશારહુસેન સબીરભાઈ તરવાડીએ આંક–૩૪ થી પુરાવો રજૂ રાખેલ છે અને જેમાં તેઓએ પોતાની દાવા અરજી સ્વરૂપની હકીકતો જણાવેલ છે. સદરહુ સાહેદની પ્રતિવાદીપક્ષે લેવામાં આવેલ ઊલટતપાસની હકીકતો ધ્યાને લેતાં આ કામે ગુજરનારના વારસદાર તરીકે પત્ની તથા સંતાન પણ હોવાછતાં તેઓ સામે દાવો દાખલ કરવામાં આવેલ ન હોવાનું, હાલનો દાવો બનાવના ૩ વર્ષ બાદ દાખલ કરેલ હોવાનું, ગુજ. વિનોદભાઈને તેઓની કચેરી દ્વારા વીજ મીટર ફાળવવામાં આવેલ ન હોવાનું તથા આંક–૨૧ માં રહેલ ગ્રાહકના નંબર અંગે જે ગ્રાહક નંબર બાબરા ટાઉનનો છે કે બાબરા ગ્રામ્યનો છે કે કેમ તે અંગે કોઈ હકીકત દાવા અરજીમાં કરેલ ન હોવાનું, રેઈડવાળી જગ્યાની માલિકીનો આધાર પુરાવો રજૂ કરેલ ન હોવાનું, આ કામે આપવામાં આવેલ નોટીસો વિનોદભાઈ ભીખાભાઈ કોલડીયાના નામે આપેલ હોવાનું તથા

પ્રતિવાદી ભીખાભાઈ વિરુદ્ધ ઈલે.એકટની કલમ–૧૩૫ અન્વયે કોઈ કાર્યવાહી કરેલ ન હોવાની હકીકતો સ્વીકારેલ છે. આમ, સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતાં ગુજરનારના ચોક્કસ વારસો હોવા છતાં તેઓ સામે કોઈ દાવો દાખલ કરવામાં આવેલ નથી કે આવો દાવો તેઓ સામે દાખલ ન કરવા અંગે કોઈ ખુલાસો પણ જણાવી શકેલ નથી કે દાવામાં જણાવેલ ગુજરનારના વીજ ગ્રાહક નંબર તથા આંક–૨૧ માં રહેલ ગુજરનારના વીજ ગ્રાહક નંબર બંને અલગ અલગ હોવા સંબંધી ખુલાસા અંગે પણ સદર સાહેદ કોઈ વ્યાજબી હકીકતો જણાવી શકતા નથી અને હાલની રેઈડવાળી જગ્યાની કોઈ માલિકી આધાર પર રજૂ રાખી શકેલ નથી. આમ, હાલના સાહેદની જુબાની જોતાં હાલના પ્રતિવાદીના જ ખેતરમાં કોઈ વીજ ચેકીંગ થયેલ હોય તેવો પણ કોઈ સચોટ પુરાવો સદરહુ સાહેદના પુરાવા પરથી વાદીપક્ષ સાબીત કરેલાનું જણાતું નથી.

**૧૩.** વધુમાં, વાદીપક્ષે ઉપરોક્ત સાહેદની સાથોસાથ સાહેદ નં.૨ અશ્વિનકુમાર ગંગારામ બાગુલની આંક–૩૮ વાળી તથા સાહેદ નં.૩ હિરેનભાઈ જગનભાઈ પટેલની આંક–૩૯ થી થયેલ ઊલટતપાસની હકીકત ધ્યાને લેવામાં આવે તેઓએ પણ દાવો ગુજ.ના પત્ની કે બાળકો સામે કરવામાં આવેલ ન હોવાનું, જે સ્થળે ચેકીંગ કરવા ગયેલ તે સ્થળે મીટર ઉપલબ્ધ ન હોવાનું અને જેથી તેનું બીલ પણ આવી શકતું ન હોવાનું, જે જગ્યાએ ચેકીંગ કરેલ તે જગ્યાનું રેવન્યુ રેકર્ડ મેળવેલ ન હોવાનું સ્વીકારેલ છે. આમ, સદર સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં હાલના ગુજરનારના નામે વીજ મીટર ન હોવાની અને જેથી બીલ પણ આવી શકતું હોવાનું જણાવતા હોય પરંતુ વાદી પક્ષ દ્વારા જ આંક–૨૩ થી વીજ બીલ ગુજરનારના નામનું રજૂ કરવામાં આવેલ છે. આમ, સદર વિરોધાભાસી હકીકત અંગે પણ વાદી પક્ષે કોઈ ખુલાસો રેકર્ડ પર લાવી શકેલ નથી. જયારે આ કામે પ્રતિવાદી તરફે ભીખાભાઈનો આંક–૪૨ થી પુરાવો રજૂ હોય તેઓની વાદી પક્ષ દ્વારા ઊલટતપાસ થયેલ હોય જેમાં તેઓએ વિનોદભાઈ તેઓના બીજા પુત્ર હોવાનું તથા તા.૨૪/૫/૧૯ ના રોજ વીજ ચેકીંગમાં અધિકારીઓ તેમની વાડીએ આવેલ હતા કે કેમ તેની તેઓને ખબર ન હોવાનું સ્વીકારેલ છે. વિશેષમાં અન્ય સ્વીકારેલ હકીકતો ધ્યાને લેતાં પણ હાલના ગુજરનાર તેઓના પુત્ર હોવાનું જણાય આવે છે પરંતુ હાલના પ્રતિવાદીને વીજ ચેકીંગ ગુજરનારના પુત્રના વારસ તરીકે હોય, અને ગુજરનારને વીજ કંપનીની લેણી રકમ સંબંધી નોટીસો આપેલ હોય કે કેમ, તે અંગેની સદર સાહેદને કોઈ માહિતી હોવા અંગે કોઈ ચોક્કસ હકીકત વાદી પક્ષ સદરહુ સાહેદની ઊલટતપાસ દરમિયાન રેકર્ડ પર લાવી શકેલાનું જણાતું નથી. આમ, સદર તમામ પુરાવો ધ્યાને લેતાં ખરેખર ગુજરનારના ખરાં ગ્રાહક નંબર અંગે કોઈ

ખુલાસો વાદી પક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી કે રેઈડવાળી જગ્યાની માલિકી અંગે કોઈ તપાસ તેઓ દ્વારા કરવામાં આવેલ નથી કે ત્યારબાદ પણ કોઈ રેવન્યુ રેકર્ડ મેળવીને પણ આવો કોઈ પુરાવો રેકર્ડ પર લાવેલ નથી કે ગુજરનારના વારસો તરીકે પત્ની તથા સંતાનો હોવાની જાણ હોવા છતાં હાલના જ પ્રતિવાદી શા કારણે વારસ તરીકે જોડવાપાત્ર હતા તે અંગે કોઈ ખુલાસો વાદી પક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ, હાલના પ્રતિવાદીએ જ કોઈ વીજ ચોરી બનાવવાળી જગ્યાએ કરેલ હોય તે સંબંધી કોઈપણ સચોટ કે નિઃશંક પુરાવો વાદીપક્ષ ઉપરોકત સાહેદોના પુરાવા થકી રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ, વાદીએ પોતાના દાવા અરજીની હકીકતો વાદીએ દાવો ચાલતા સમય દરમિયાન પુરવાર કરવી પડે માત્ર વીજ ચેકીંગ સમય દરમિયાન કરવામાં આવેલ પોતાની ફરજ અને તપાસ મુજબના લેખીત દસ્તાવેજોને આ કામે જયારે પ્રતિવાદીપક્ષ હાજર થયેલ હોય અને દાવા અરજીની હકીકતોનો ઈન્કાર કરતા હોય ત્યારે તે માત્ર રજૂ રાખવાથી પુરવાર થયાનું માની શકાય નહીં.

**૧૪.** વધુમાં, વાદીપક્ષે એવી રજૂઆત છે કે આ કામે પ્રતિવાદીને તેઓ તરફથી આપવામાં આવેલ લીગલ નોટીસ પણ બજેલ છે અને પ્રતિવાદી તરીકે દાવામાં ભીખાભાઈને જોડેલ હોય તેઓને સમન્સ બજેલ છે અને હાલના પ્રતિવાદી ભીખાભાઈ રેકર્ડ પર હાજર થયેલ છે ત્યારે બનાવવાળું ખેતર તેઓના જ કબજા–ભોગવટાનું હોય તેઓ જ આ કામના પ્રતિવાદી હોય તેઓ સામેની હકીકત વાદીપક્ષ રજૂ પુરાવા પરથી સાબીત કરી શકેલ હોય તેઓની સામેનો દાવો વાદીપક્ષે પુરવાર કરેલ છે. પરંતુ આ કામે પ્રતિવાદી તરીકે ભીખાભાઈને જોડેલ હોય તેઓને સમન્સ કરતા તેઓ પ્રતિવાદી તરીકે હાજર થયેલ છે અને વાદીની દાવા અરજી સામે વાંધા–જવાબ રજૂ રાખેલ છે. તેમજ વાદીપક્ષે હાલના પ્રતિવાદીના ખેતર બાબતે કોઈ રેવન્યુ રેકર્ડ પણ ઉપલબ્ધ થયેલ ન હોય અને વાદીપક્ષે તેની કોઈ સ્પષ્ટતા પણ કરેલ ન હોય જેથી હાલના વીજ ચેંકીગનું ખેતર હાલના જ પ્રતિવાદીના કબજા–ભોગવટાનું હોય અને તેઓ વીજ ચોરી કરતા મળી આવેલ હોય તેમ જણાતું ન હોય હાલના પ્રતિવાદીની ઓળખ વાદીપક્ષ સાબીત કરી શકેલ નથી. વધુમાં, આ કામે પ્રતિવાદી પક્ષની લીમીટેશનની તકરાર મુજબ એ હકીકત પણ ધ્યાને લેવાની રહે કે, હાલનું વીજ ચેકીંગ તા.૨૪/૦૫/૨૦૧૯ ના રોજ વાદી કંપનીના કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ છે અને ત્યારબાદ હાલનો દાવો તા.૧૨/૧૦/૨૦૨૨ ના રોજ અત્રેની અદાલત દાખલ કરવામાં આવેલ છે. જેથી આ હકીકત અંગે લીમીટેશન એકટ અંગેની જોગવાઈ ધ્યાને લેતાં મની સ્યુટ અંગેના દાવાની સમયમર્યાદા ધ્યાને લેતા જે ત્રણ વર્ષની હોય, જેથી હાલનો દાવો વાદી દ્વારા તા.૨૪/૦૫/૨૦૨૨ સુધીના

સમયગાળામાં દાખલ થવા પાત્ર હોય, પરંતુ હાલનો દાવો ત્રણ વર્ષનો સમયગાળો વિત્યા બાદ દાખલ કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટ જણાય આવે છે ત્યારે વાદીના દાવાને સમયમર્યાદાનો પણ બાધ નડતો હોવાનું જણાય આવે છે. વધુમાં, એકસમયે માની પણ લેવામાં આવે કે વીજ ચેકીંગ દરમિયાન વીજ ચોરી થયેલ છે, પરંતુ વાદીપક્ષ વીજ ચેકીંગ દરમિયાનની વીજ ચોરી હાલના પ્રતિવાદીના કૃત્ય થકી કરવામાં આવેલ હોય તેની વચ્ચેનું કોઈ જોડાણ વાદીપક્ષ પ્રસ્થાપિત કરી શકેલ ન હોય વાદીપક્ષનું પ્રતિવાદી સામેનું કોઈ લેણું હોવાનું વાદીપક્ષ ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ નિઃશંકપણે સાબીત કરી શકેલાનું જણાતું નથી અને જયારે વાદીપક્ષ પ્રતિવાદી સામેનું કોઈ લેણું જ હોવાનું સાબીત કરી શકેલ ન હોય કોઈ વ્યાજ મેળવવા હક્કદાર હોવા સંબંધી દાદ પણ વાદીપક્ષ મેળવી શકે નહીં ત્યારે વાદીપક્ષ ઉપરોક્ત **મુદ્દા નં.૧ અને ૨ ની હકીકત પોતાના પુરાવા થકી સાબીત કરી શકેલ ન હોય સદરહુ મુદ્દાનો જવાબ નકારમાં આપવામાં આવે છે.**

**<u>મુદ્દા નં. ૩ અને ૪ ની સંયુકત ચર્ચા</u>**

**૧૫.** આમ, ઉપરોક્ત ચર્ચા કરી તે મુજબ હાલની દાવા અરજીની સાબિતીનો બોજો વાદી પર રહેલ છે. પરંતુ વાદી દ્ધારા પોતાના પગ પર ઊભા રહી પોતાની દાવા અરજીના સમર્થનમાં કોઈ સચોટ કે નિઃશંક દસ્તાવેજો કે રેકર્ડ કે પુરાવો રજૂ રાખેલ નથી અને જેથી માત્ર દાવા અરજીના કથનો પર આધાર રાખી અને મૌખીક રીતે જણાવવા માત્રથી દાવા અરજની હકીકતોને સાબીત થયેલ હોવાનું માની શકાય નહીં. આ કામે વાદીએ પોતાનો દાવો પોતાના પગ ઉપર ઉભા રહીને પુરવાર કરવાનો છે અને જયારે વાદીએ પોતે જ પ્રતિવાદી દ્ધારા વાદીના હિતથી વિરોધાત્મક કાર્ય કે કોઈ ગેરકાયદેસરનું કૃત્ય કરી રહેલ હોય તેવું દાવાનું કરેલ કથન તેઓ ખુદ પુરવાર કરી શકતા ન હોય કે કોઈ દસ્તાવેજોથી પણ પૂરવાર કરી શકેલ ન હોય ત્યારે દાવાની માંગ્યા મુજબની કોઈ દાદ વાદીને મળી શકે નહીં. આમ, વાદીની દાવા અરજી મુજબની દાદ કે પ્રતિવાદીઓનું કૃત્ય ગેરકાયદેસરનું હોય, જેથી તેઓએ માંગ્યા મુજબની દાદ મળવાપાત્ર છે તે વાદીની દાદ ઉપર ચર્ચા કરી તેમ પુરાવાના અભાવે ટકી શકે નહીં. આમ, ઉપર ચર્ચા કરી તેમ વાદીએ પોતાના પગ ઉપર ઉભા રહી પોતાનો કેસ પુરવાર કરવો જોઈએ, પ્રતિવાદીપક્ષની કોઈ ખામીનો લાભ વાદીને મળી શકે નહીં. વધુમાં, વાદીના વિ.વ.શ્રી ધ્વારા એવી રજુઆત કરવામા આવેલ છે કે વીજ ચોરી રેકર્ડ ઉપર છે તથા પ્રતિવાદી હાજર થયેલાનુ પણ રેકર્ડ ઉપર પ્રસ્થાપીત થયેલ છે ત્યારે સંભવિતતાની પ્રબળતાના સિધ્ધાતને આધારે અદાલતેએ બાબત સ્વીકારવી જોઈએ કે પ્રતિવાદીએ જ આ વીજ ચોરી કરેલ છે અને તેને કારણે વાદી વળતર મેળવવા હકકદાર છે

પરંતુ આ બાબતે ઉલ્લેખનીય છે કે, સંભવિતતાની પ્રબળતાના સિધ્ધાંતનો અર્થ એવો નથી કે અદાલતે ખુટતા પુરાવાઓ અંગે ધારણા કરી લઈ વિગતો સ્વીકારી લેવી જે બાબત પુરવાર કરવાનો બોજો વાદી ઉપર છે તે બાબતો તો વાદીએ પોતાના સ્પષ્ટ અને સચોટ પુરાવાઓથી સાબીત કરવી પડે. વાદી જયારે કોઈ વળતરની માંગણી કરતા હોય ત્યારે તેઓએ ખુબ જ સ્પષ્ટ અને મજબુતરીતે દર્શાવવુ પડે કે પ્ર તિવાદીના કૃત્યના કારણે આ ઘટના બનવા પામેલ છે અને તેના કારણે કોઈ વળતર મેળવવા તેઓ હકકદાર બનેલા છે આગળ ચર્ચા કરી તેમ આ તબકકે હાલના પ્રતિવાદીની જવાબદારી છે કે કેમ તે સાબીત થયેલ નથી અને પ્રતિવાદીના કૃત્યને કારણે જ વાદીના અધિકારોનું ઉલ્લંઘન થયેલ છે તેનુ જોડાણ(નેકસસ) પ્રસ્થાપીત થયેલ નથી ત્યારે આવા સંજોગોમા વાદીની માંગ્યા મુજબની કોઈ દાદ મળી શકે તેમ ન હોય **મુદ્દા નં.૧ થી ૨ નો જવાબ ઉપરોક્ત હકીકતે આપી મુદ્દા નં.૩ અને ૪** અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: આ ખ રી હુ ક મ ::-**

**(૧)** વાદીનો દાવો **ના-મંજૂર** કરવામાં આવે છે.

**(૨)** પક્ષકારોએ પોતે-પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

**(૩)** હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તારીખ- ૧૪ મી, માહે-નવેમ્બર, સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૧૧/૨૦૨૫
સ્થળઃ- બાબરા

(ગૌતમસિંહ દેવડા)
કોડ નં.જી.જે. ૦૧૫૪૮
પ્રિન્સિપાલ સિવિલ જજ, બાબરા